R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 45 DATE: 10-11-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## જન્મથી નાગરિકતા મળી જતાં અધિકારને ખતમ કરવા માટે ટ્રમ્પ શાસન કટિબધ્ધ

અમેરિકામાં બિન-અમેરીકી માતપિતાને ત્યાં જન્મેલા સંતાનને આપોઆપ અમેરિકી નાગરિત્વ મળી જવાનો સિલસીલો ટુંકસમયમાં બંધ થવાની શક્યતાઓ દેખાઈ રહી છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જણાવ્યુ હતું કે જન્મને કારણે આપોઆપ મળી જતાં અધિકારને ખતમ કરવા કોઈ બંધારણીય સુધારા કરવાની જરુર નથી.પરંતુ માત્ર કાર્યવાહક આદેશ કરીને પણ તે પરંપરા દુર કરી શકાય તેમ છે.

વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહક્યુ હતું કે બર્થરાઈટ સીટીઝનશીપન અંત આવવો જોઈએ. તેમણે કહ્યુ હતું કે આ કોઈ જટીલ કાનુની મુદ્દો નથી કે તે પ્રથાને દુર ના કરી શકાય કે તેના માટે બંધારણીય સુધારો લાવવો પડે.માત્ર કાર્યવાહક આદેશથી જ તે પ્રથા બંધ કરી શકાય છે.

જો કે ટ્રમ્પે એમ પણ કહ્યુ હતું કે બર્થરાઈટ સીટીઝનશીપની પ્રથાનો સીલસીલો બંધ કરવા તેમનો પ્રથમ વિકલ્પ કોગ્રેસમાં મતદાન થશે કારણકે તે કાયમી સમાધાન બની રહેશે.પરંતુ તે વિકલ્પ ના હોય તો કાર્યવાહક આદેશની મદદથી પણ આ સીલસીલો બંધ કરી શકાય તેમ છે.તેમણે એમ પણ કહ્યુ કે આખરે તો સુપ્રીમ કોર્ટ જ તે અંગે નિર્ણય લેશે.અમેરિકી સેનેટર્સ જો કે બર્થરાઈટ સીટીઝનશીપ અંગેના ડોનાલ્ડ ટ્રમ્પના વિચારોની આલોચના કરી રહ્યા છે.

બર્થરાઈટ સીટીઝનશીપને ખતમ કરવાની ટ્રમ્પની વિચારણાએ અમેરિકામાં વસી રહેલા ભારતીય પ્રોફેશનલોને વળી નવી અનિશ્ચિતતામાં ધકેલી દીધા છે.એચ૧-બી વિઝા મેળવીને ગ્રીન કાર્ડ મેળવેલા પ્રોફેશનલ્સના જીવનસાથી એચ-૪ વર્ક વિઝા પર હોય છે. પરંતુ તેમને જો સંતાન થાય તો આપોઆપ અમેરિકી નાગરકત્વ મળી જવાની જોગવાઈ હતી. ગ્રીનકાર્ડ માટે અરજી કરી ચુકેલા ૩૦ હજાર ભારતીયો સામે આ સવાલ ઊભો થયો છે.બીનનિવાસી ભારતીયો માટે ટ્રમ્પ સરકાર મુશ્કેલી સર્જશે ?

## અમેરિકાએ ભારતની પેદાશોને જકાતમુક્ત રાહત આપવાનો ઇન્કાર કરતાં ૫૦ જેટલી પ્રોડક્ટ મુશ્કેલીમાં મુકાશે : નાના અને મધ્યમવર્ગ વેપારને ભારે અસર

અમેરિકાએ ભારતની નિકાસને ભારે અસર કરે તેવા એક પગલામાં તેની ૫૦ જેટલી પેદાશોની આયાત પર જકાતમુક્ત રાહત આપવાનો ઈન્કાર કરી દીધો છે.મોટાભાગે હેન્ડલુમ અને કૃષિ ક્ષેત્રોને આવરી લેતી આ પેદાશોને અમેરિકી પ્રમુખ ટ્રમ્પની લાલ આંખનો સામનો કરવો પડ્યો છે.મોદી સરકારે ઓગષ્ટમાં અમેરિકાથી આવતી ૨૯ પેદાશો પર ટેરીફની જાહેરાત તો કરી હતી પરંતુ તેને હજુ સુધી અમલમાં મુકી નથી.ટ્રમ્પે જો કે કોઈપણ શેહશરમ રાખ્યા વગર બદલો લઈ લીધો છે.ઉલ્લેખનીય છે કે અમેરિકાએ માર્ચમાં અમેરિકાએ આયાત થતાં સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમીનીયમ પર ૧૦ ટકા જકાત અમલી બનાવવાનું એલાન કર્યુ હતું. જેની અસર ભારત,ચીન, સહિત દુનિયાના અનેક દેશોને થઈ હતી. અમેરિકા સ્વદેશી આર્થિક સુરક્ષા માટે તેના નિર્ણયને જરુરી કહ્યુ હતું.તેના આ પગલાંના જવાબમાં ભારતે ઓગષ્ટમાં અમેરિકાથી આયાત થતાં અખરોટ,બદામ,સહિત ૨૯ ચીજો પર ટેરિફનું એલાન કર્યુ હતું.પરંતુ તેનો અત્યાર સુધી અમલ કર્યો નહોતો.મોદી સરકાર પોતાના આ નિર્ણયને લાગુ કરવાની ડેડલાઈન બે વખત વધારી ચુકી છે.

અમેરિકાએ એક નોટીફિકેશન જારી કર્યુ હતું. જેમાં જીએસપી હેઠળ કોઈ આયાત જકાત અમલી ન હતી. હવે અમેરિકા સરકાર આમાંથી ૫૦ વસ્તુઓ પર આયાત જકાત વસુલ કરશે.

## દેશની રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા ગંભીર રુપથી ખરાબ શ્રેણીમાં પહોચી જતાં દિલ્હીવાસીઓ પર ખતરો મંડાઇ રહ્યો છે

દેશની રાજધાની દિલ્હીમાં શ્વાસ લેવાનું મુશ્કેલ બની રહ્યું છે.દિલ્હીમાં હવાની ગુણવત્તા ગંભીર રુપથી ખરાબની શ્રેણીમાં પહોચવાની તૈયારીમાં છે.દિલ્હીમાં એર ક્વોલીટી ઈન્ડેક્સ ૩૯૨ નોધાયો છે.જે ખુબ ખરાબ શ્રેણીમાં આવે છે અને આ આંક જો ૪૦૦નો આંક પાર કરશે તો ગંભીર રીતે ખરાબની શ્રેણીમાં પહોચી જશે.હવાની ગુણવત્તા બગડતાં બાંધકામ પર રોક લગાવવામાં આવી છે. કોલસા ઉપરાંત અન્ય પ્રદુષણ ફેલાવતાં ઊદ્યોગોના કામકાજ પર ૧ થી ૧૦ નવેમ્બર સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

ભારતીય હવામાન સંસ્થાના કહેવા અનુસાર વર્તમાન મોસમની હાલત પ્રદુષણ હટાવવા માટે બિલકુલ અનુકુળ નથી.હવાની ગતિના કારણે આગામી બે ત્રણ દિવસ સુધી આવી હાલત રહેશે.અહીં એ નોધવું જરુરી છે કે એર ક્વોલીટી ઈન્ડેક્સમાં શુન્ય અને ૫૦ વચ્ચેના એક્યુઆઈને સારો માનવામાં આવે છે.૫૧-૫૦ની વચ્ચે હોય તો સંતોષજનક,૧૦૧-૨૦૦ની વચ્ચે હોય તો મધ્યમ ૨૦૧-૩૦૦ સુધી હોય તો ખરાબ અને ૩૦૧થી ૪૦૦ની વચ્ચે ખુબજ ખરાબ માનવામાં આવે છે.તેમજ ૪૦૦ થી ૫૦૦ વચ્ચે હોય તો ગંભીર માનવામાં આવે છે.બીજી તરફ દિલ્હીમાં હવાની ગુણવત્તા ખરાબ થતાં ઉત્તરપ્રદેશ સરકારે નોઈડા વિસ્તારમાં ૧ થી ૧૦ નવેમ્બર દરમિયાન બાંધકામના કામો પર પ્રતિબંધ મુકી દીધો છે.નિષ્ણાતોના મતે ધુમ્મસના કારણે પ્રદુષક તત્વો વાતાવરણમાં ખુબ નીચા રહે છે.જેના કારણે દિલ્હીમાં હવાની ગુણવત્તા હાલના દિવસોમાં બગડી છે.

## એચ -૧ બી વિઝાના નિયમો વધુ આકરા બનાવતું ટ્રમ્પ શાસન



અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીયોને અસર કરે તેવા વધુ એક આકરા પગલામાં એચ-૧બી વિઝા એપ્લીકેશન પ્રોસેસની વિધિને વધુ કડક કરી છે.આ નિયમ અન્વયે અમેરિકી કંપની દ્વારા વિદેશી નાગરિકોને રોજગારી આપતાં પહેલા હવે સંખ્યાબંધ પૃચ્છાઓ થશે અને કંપની પાસે કેટલા કર્મચારીઓ વિદેશી છે તેની રજેરજની માહીતિ સરકારને તેણે આપવાની રહેશે.સરકાર મંજુરી આપે તે પછી જ વિદેશી કર્મચારીને નોકરીએ રાખી શકાશે.ભારતીયો આ રીતે સૌથી વધુ નોકરીઓ કરે છે એટલે તેમને સીધી અસર થશે. એચ ૧બી વિઝા ભારતીય ટેક પ્રોફેશનલ્સમાં પ્રિય છે.અમેરિકી કંપનીઓ વિદેશી કામદારને થિયોરેટીકલ કે ટેકનીકલ જાણકારી સાથેની જોબ ઓફર કરતી હોય છે.જો કે ટ્રમ્પ વહીવટતંત્રએ હવે એવો નિયમ બનાવ્યો છે કે ત્યાંના લેબર ડીપાર્ડ.કોઈપણ કર્મચારીને નોકરી આપતાં પહેલાં તમામ વિગતો આપવાની રહેશે અને તેમની મુજરી લેવાની અનિવાર્ય રહેશે.લેબર વિભાગ કંપનીમાં ચોક્કસ સ્થાન માટે કોઈ સ્થાનિક કર્મચારીને કામ આપવાનું હોતું નથી તેમ લખી આપે તો પછી જ વિદેશી નાગરિકને કામે રાખી શકાશે. આ ઉપરાંત કંપનીએ એચ ૧-બી કામદાર તમામ દસ્તાવેજો પણ સરકારને આપવાના રહેશે.

## 2010માં ઇશનિંદા કેસમાં ફાંસીની સજા પામેલી મહિલા આરોપી આશિયાબીબીની ફાંસીની સજા સુપ્રીમે માફ કરીને દોષમુક્ત જાહેર કરતાં પાકિસ્તાનમાં વિરોધ

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તા એક ઐતિહાસિક ચુકાદો આપીને ઈશનિંદાની મહિલા આરોપી આશિયાબીબીની ફાંસીની સજા માફ કરીને દોષમુક્ત જાહેર કરી હતી.પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ સાકિબ નિસારની આગેવાની વાળી સુપ્રીમ કોર્ટની એક ખંડપીઠે ચુકાદો સંભળાવીને આશીયા બીબીની અરજી ગ્રાહય રાખીને તેમને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો.આશીયાબીબીનીને નિર્દોષ છોડી મુકવાનો ચુકાદો જાહેર કરતાં મુખ્ય ન્યાયાધીશ નિસારે કહ્યુ હતું કે આશીયા બીબીની ફાંસની સજાનો કોઈ અર્થ રહેતો નથી.આશિયાબીબીએ આઠ વર્ષ જેલમાં વિતાવ્યા છે તે સજા પુરતી છે તેથી તેમની ફાંસીની સજા માફ કરવામાં આવે છે.આશીયા બીબીને ૨૦૧૦ની સાલમાં નીચલી અદાલતે ઈશનિંદાના કેસમાં દોષિત ઠેરવીને ફાંસીની સજા ફટકારી હતી.૨૦૧૪માં લાહોર હાઈકોર્ટે આશીયાની ફાંસીની સજાને યથાવત રાખી હતી.આશીયાએ ફાંસની સજાના વિરોધમાં સુપ્રીમમાં અરજી કરી હતી.

ચુકાદો આવતાં જ પાકિસ્તાનમાં અલગ અલગ શહેરોમાં વિરોધ પ્રદર્શન શરુ થયું હતું. સુપ્રીમના ચુકાદા બાદ પ્રદર્શનકારીઓએ જીટી ૨ોડ સહિત ઓછામાં ઓછા ૨૧ સ્થળોએ ચક્કાજામ કર્યો હતો.અને સુપ્રીમના ચુકાદાનો વિરોધ કર્યો હતો. ૨૦૧૦માં આશીયા બીબી નામની ખ્રિસ્તી મહિલાએ તેના પાડોશી સાથે ઝગડો થયો હતો. ત્યારે તેણે ઈસ્લામનું અપમાન કર્યુ હતું.તેથી ઈશનિદાના આરોપસર તેણીને દોષિત ઠેરવીનેફાંસીની સજા ફટકારવામાં આવી હતી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

રિઝર્વ બેન્ક અને સરકાર વચ્ચેના સબંધોની ખાઇ વધારે પહોળી બની ગઇ છે.નાણાંપ્રધાન અરુણ જેટલીએ દેશની આર્થિક સ્થિતિનું ઠીકરું રિઝર્વ બેન્કના માથે ફોડીને પોતાની નબળાઇઓ છુપાવવાની કોશીશ કરી છે.તેમણે આ પહેલાં રાજનનો ભોગ લીધો છે. હવે તેઓ ઉર્જિત પટેલનો પણ ભોગ લેશે એવું દેખાઇ રહ્યું છે.આરબીઆઇ અને સરકાર વચ્ચે ઉકેલ ન આવી શકે તેવા મતભેદોનું સર્જન થયું છે.ડોલરની સામે રુપીયાએ ૭૪ની સપાટી પાર કરી દીધી એ દેશનું અર્થતંત્ર કેટલી હદે કથળ્યું તેનો પુરાવા સમાન છે. તાજેતરમાં અખબારી અહેવાલો મુજબ આરબીઆઇ એકટની ધારા ૭ અંતગર્ત મળેલા અધિકારોનો ઉપયોગ કરતાં એનબીએફસી માટે લિક્વીડીટી, નબળી બેન્કો માટે મુડીની જરુરીયાત અને લઘુ તથા મધ્યમ ઊદ્યોગોને ધિરાણ જેવા મામલા પર પત્રો લખાયા છે.સરકારે આરબીઆઇ એકટની કલમ ૭ અંતગર્ત રિઝર્વ બેન્ક સાથે ચર્ચા હાથ ધરી હતી . આ કાયદા અંતગર્ત સરકારને જાહેર હિતમાં રિઝર્વ બેન્કને આદેશ આપવાનો અધિકાર અપાયો છે.આરએસએસના અશ્વનિ મહાજને જણાવ્યુ હતું કે આરબીઆઇના ગર્વનર ઉર્જિત પટેલ સરકાર સાથે મળીને કામ કરે  અથવા રાજીનામું આપી દે.રિઝર્વ બેન્કમાં ચંચુપાત કરવાનો અધિકાર આવા સંગઠનોને કોણે આપ્યો ?

નાણાં મંત્રી રિઝર્વ બેન્કની નીતિને જવાબદાર ઠેરવતાં ૨૦૦૮થી ૨૦૧૪ વચ્ચેના ગાળાને બતાવતાં રહે છે. પરંતુ ૨૦૧૪થી ૨૦૧૮ દરમિયાન જે કાંઇ સ્થિતિ ઉભી થઇ તેની જવાબદારી લેવાની તૈયારી નથી  તે સમય ગાળામાં દેશની આર્થિક સમતુલા ખોરવાઇ ગઇ છે તેના માટે ખોટી દલીલબાજી બંધ કરવાની જરુર છે અને જવાબદારી સ્વીકારવાની જરુર છે.બેન્કોની એનપીએનું પ્રમાણ ૨૦૧૪થી ૨૦૧૮ના ગાળામાં વધ્યું છે.અને મોટી લોનો લેનારાઓ આ સમયગાળા દરમિયાન દેશ છોડી ભાગી ગયાછે.

ભારતમાં રિઝર્વ બેન્ક અને કેન્દ્ર સરકાર વચ્ચે મતભેદો વકરી રહ્યા છે તેની નોંધ આંતરરાષ્ટ્રીય નાંણાભંડોળે લીધી છે.આરબીઆઇને સ્વાયતતા આપવા માટે અને તેના કામકાજમાં સ્વતંત્રતા જાળવવાની તરફેણ કરી છે.આઇએમએફે કહ્યુ હતું કે આરબીઆઇ અને સરકાર વચ્ચેના ગજગ્રાહ પર સતત તેઓ નજર રાખી રહ્યા છે. વિશ્વમાં કોઇપણ દેશની સેન્ટ્રલ બેન્કની સ્વાયતતા જળવાવી જોઇએ અને તેને છીનવી લેવાનો પ્રયત્ન ના થવો જોઇએ.તેણે કોઇપણ દેશની સેન્ટ્રલ બેન્કની સ્વયત્તતા પર તરાપ મારવાના પ્રયાસોનો વિરોધ કર્યો છે.આઇએમએફના કોમ્યુનીકેશન ડિરેકટર ગેરી રાઇસે કહ્યુ હતું કે સમગ્ર ઘટના પર અમારી નજર છે અને નજર રાખતાં રહીશં. સરકારે આ મુદ્દે સૈધ્ધાંન્તિક રીતે પીછેહઠ કરવી જોઇએ.સેન્ટ્રલ બેન્કની જવાબદારી અને જવાબદેહીતા એ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય સિસ્ટમ છે. જેને અમે ટેકો આપીએ છીએ. કોઇપણ દેશની સેન્ટ્રલ બેન્કની કે નાણાંકીય નિયમનકારની કામગીરીમાં સરકાર કે ઊદ્યોગોની દખલગીરી હોવી જોઇએ નહીં.

જો કે સરકારની દખલગીરી અનેકક્ષેત્રોમાં વધી ગઇ છે અને તેમાં સંઘની વિચારધારાવાળા લોકોની સામેલગીરીએ ભારે હસ્તક્ષેપ થઇ રહ્યો હોવાના અહેવાલો સમાચાર પત્રોમાં આવ્યા છે.આરબીઆઇને સંઘના નિમાયેલા કેટલાક સભ્યો તેમની રીતે બેન્કને ચલાવવાનો આગ્રહ રાખી રહ્યા છે.જે બિલકુલ અયોગ્ય છે.જાહેર હિતના કેટલાક સાહસોમાં પણ આજ રીતે કેટલાક લોકોની નિમણુંક કરીને જાહેર સાહસોને અસ્તવ્યસ્ત કરવાની ચેષ્ઠા દેશના હિતમાં નથી.વિકાસના નામે માત્ર પ્રચાર અને પ્રસિધ્ધિ કરવાના જ બાલિશ પ્રયત્નોથી દેશના હિતને નુકશાન થઇ રહ્યું છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૯)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૯૬ | ગ્રેજ્યુએટ,ડીપ્લો.ઇન આઇએટીએ,ડીટીપી,કેનેડા | ૧૭-૧૨-૮૪ | | બેરશેબા | કુંવારા |
| ૯૭ | બીબીએ,લંડન | ૧૧-૬-૮૬ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૯૮ | ૧૦ પાસ દુબઇ | ૧૨-૫-૮૭ | ૬૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૯૯ | બીઇ મીકેનીકલ, લંડન | ૨૦-૧૨-૭૮ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૦૦ | બેચલર ઇન હોટલ એન્ડ ટુરી.મેનેજ.કેનેડા | ૩૦-૬-૮૯ | ૯૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૦૧ | ડીગ્રી,કોમ્પ્યુ.એન્જી.એમબીએ(આઇટી) ન્યુયોર્ક | ૨૦-૧૨-૯૨ | ૨ લાખ | આર.સી. | કુંવારા |
| ૧૦૨ | કોમ્પ્યુ. એન્જી.યુરોપ | ૧૩-૯-૯૨ | ૪૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૯ | બીએસસી.બીએસ(આઇટી)અમેરીકા | ૨૬-૧૧-૬૩ | ૪૦૦૦ડોલર | મેથો. | છુટાછેડા |
| ૨૦ | બીએ.પાસ | ૨૧-૬-૭૧ | - | મેથો. | છુટાછેડા |
| ૨૧ | બીએસસી,હોટલ મેનેજ.એમબીએ લંડન | ૧૧-૨-૮૮ | ૧૮૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૫૦૫ | બીકોમ.ઇલેકટીક એન્જી. બીબીઆઇટી. | ૧૪-૧૦-૯૧ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૬ | એમ.એસ.ડબલ્યું | ૩૧-૩-૯૧ | ૨૦૦૦૦ | આઇ.પી. | કુંવારા |
| ૫૦૭ | જી.એન.એમ. | ૪-૧૦-૮૬ | ૧૦૦૦૦ | મેથો. | કુવારા |
| ૫૦૮ | ડો.બી.એચ.એમ.એસ. | ૧૯-૯-૮૫ | ૮૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૯ | જી.એન.એમ. | ૪-૯-૯૧ | ૨૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૫૧૦ | જી.એન.એમ. | ૩૦-૪-૯૪ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૧૧ | એમ.બી.એ. ફાયનાન્સ | ૧-૧-૯૦ | ૩૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૧૨ | બીબીએ. ફાયનાન્સ.એમબીએ માર્કેટીંગ | ૮-૬-૯૦ | ૨૭૦૦૦ | સા.આર્મિ. | કુંવારા |
| ૫૧૩ | એમએસસી,એમ.ફાર્મ લંડન | ૯-૭-૮૧ | ૩૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૧૫ | લેબ.ટેક. | ૮-૮-૯૨ | ૨૧૫૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૫૧૪ | બીબીએ.પીજીડીએમ. ફાયનાન્સ | ૫-૨-૯૧ | ૮૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૧૬ | બીસીએ.એમએસસી.આઇટી | ૨૩-૧૦-૯૦ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૧૭ | ડીપ્લો.ઇન મોશન પીકચર પ્રોડકશન | ૨૬-૬-૮૭ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૧૮ | ૧૨ પાસ | ૩-૯-૮૮ | ૫૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૧૯ | એમ.એ.બી.એડ(ઇગ્લીશ) | ૧૨-૪-૮૬ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૦ | બી.એ.(ઇકો.)મા.લાય.સાયંસ | ૧૬-૧-૮૬ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૨ | બીએ.એસ.આઇ. | ૨-૫-૮૫ | ૧૯૯૦૦ | સા.આર્મી. | કુંવારા |

## ★ યુવતીઓ (૪૯) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૩ | કેમીકલ એન્જી.ઓસ્ટ્રેલીયા -સીડની | ૨૫-૭-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૫૪ | ૨વર્ષ નર્સીંગ ૧૨પાસ,ઇઝરાયેલ | ૯-૨-૮૬ | ૭૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૮ | બીએચએમએસ(હોમીયો.ડો.)કેનેડા | ૨૯-૧૧-૯૩ | - | આર.સી. | કુંવારી |
| ૫૬ | એમ.કોમ.એમબીએ.લંડન | ૧૭-૧૦-૮૪ | - | મેથો. | કુવારી |
| ૫૯ | ફીજીયો.ડો. ન્યુયોર્ક | ૨૧-૩-૯૩ | - | આર.સી. | કુંવારી |
| ૬૦ | બીઇ કોમ્પ્ય.એન્જી. જર્મની. | ૨૬-૯-૯૧ | ૨.૭૫લાખ | આર.સી. | કુંવારી |
| ૫૭ | માસ્ટર ફીજીયોથેરાપીસ્ટ અમેરિકા | ૧૮-૮-૮૧ | ૪ લાખ. | આર.સી. | કુંવારી |
| ૩૭ | બીઇ.એમબીએ,ફાયનાન્સ. અમેરિકા | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૫૦૮ | બીએસસી.ડીપ્લો.મેડી.લેબો.ટેક.હોસ્પી.મેનેજ. | ૨૩-૯-૭૨ | - | સીએનઆઇ | કુંવારી |
| ૫૦૯ | બીઇ કોમ્પ્યુ. એન્જી. | ૨૮-૧૦-૮૮ | ૭૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૦ | જીએનએમ.૩ ૧/૨વર્ષ | ૧૩-૮-૯૨ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૧ | બીએ.ડીપ્લો.ઇન મલ્ટીમીડીયા | ૩-૧૨-૮૮ | ૩૫૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૫૧૨ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૧૫-૮-૯૪ | ૨૨૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૫૧૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૫-૧૨-૮૦ | ૧૫૫૦૦ | મેથો. | કુંવારી |
| ૫૧૫ | ડો.ફીજીયો. પીજી ડીપ્લો.બેન્કીંગ | ૯-૧૧-૯૨ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૬ | એન્જી.(આઇટી)એમબીએ ફાયનાન્સ | ૧૯-૮-૯૧ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૭ | બીઇ.ઇલેકટ્રીકલ એન્જી. | ૧-૧૦-૯૨ | ૫૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૨ | એમ.એ. | ૧૪-૨-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૫૪૩ | એમબીએ.એમકોમ.બીએડ.પીજીડીકોપા. | ૨૭-૫-૮૧ | ૨૩૦૦૦ | મેથો. | કુંવારી |
| ૧૯૯ | બીએ. પેથોલોજી. | ૧૬-૯-૮૧ | ૧૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૨૧ | એમ.કોમ.બી.એડ. | ૩૧-૫-૮૧ | ૬૦૦૦ | આઇ.પી. | છુટાછેડા |
| ૧૪૫ | બીએસસી કેમેસ્ટ્રી | ૮-૬-૭૮ | ૧૪૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯૧ | એમએ.બીએડ. | ૨૪-૭-૮૫ | ૨૮૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯૩ | બીપીએનએ. | ૨૭-૧૧-૮૭ | ૫૦૦૦૦ | સીએનઆઇ | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર


**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે


(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક

# બાળપણનું એક ભીનું સંસ્મરણ

અમે ચુન્નુ મુન્નુ હતા એ વખતની એક વાત. વરસાદની ધમાકેદાર એન્ટ્રી ન હતી પણ વરસાદની હજી પાપા પગલી હતી. વડીલો અને જૈફ વયના લોકો અનેક કહેતા “ એ બચ્ચા ધ્યાન રાખજો વરસાદમાં માંદા પડશો, દવાખાનાના આંટા ફેરા કરવા પડશે “ અમને વરસાદમાં બિમાર પડીશું તેની ફડક ન હોતી, અમને સામે આવતી અને રસ્તા પર આરામથી ચાલી આવતી ભેંસની પુંછડીની ફડક હત. સામે રસ્તો રોકીને આવતી ભેસને જોઈને અમે એક બીજાને સમાચાર વહેતા કરતાં કે સામે ભેસ આવે છે ,ભેસથી નહીં, ભેસની પુછડીથી સાવધાન બનજો. ભેસની પુછડીનો વીંઝણો જમણી અને ડાબી બંન્ને બાજુ મારો ચલાવતી હોય તે જોઈને સામેથી આવતા મોટરસાયકલવાળા ભાઈઓ પણ વિચારમાં ડુબી જતાં કે મોટર સાયકલ કઈ બાજુથી કાઢવી.વળી ભેસ રસ્તાની વચ્ચોવચ ચાલે અને ક્યારેક જમણી કે ડાબી બાજુ ચાલે,ઘણા ખરા મોટરસાયકલવાળા ભાઈઓ પુંછડીનો શિકાર બન્યા હતા. અને તેમાં મોટરસાયકલ પર જતા હોય અને સફેદ રંગનું બગલાનીં પાંખ જેવું પહેર્યુ હોય તો વધારે ફડક રહેતી.

વરસાદ ઝરમર વરસે કે પછી ધોધમાર વરસે, અમે ઢોર ચારવા વનમાં જતા, સાર્વત્રિક વરસાદમાં સાગી વૃક્ષોના પાંદડા જ અમારી છત્રી હતી. વરસાદની દે ધના ધન હોય તે છતાંય તે સમયે ભેંસ ખાસ ચરે નહીં આરામથી ઊભી હોય, તે મોકો જોઈને અમારા કરતાં મોટાં છોકરાઓ અમને ઉંચકીને ભેસ પર બેસાડી દેતા. તે છતાંય ભેસ કોઈ મોટી તોફાન કર્યા વિના આરામથી ઉભી રહેતી,અમને એવી અનુભુતિ થતી કે જાણે અમે મોટા મહાવત થઈ ગયા હોય .ક્યારેક કોઈ દિવસ મધ્યાહનનું ભાથુ હોય કે ના હોય અમને ભાથાની કોઈ પરવા નહોતી. પણ ઘરેથી બળજબરી ભાથુ પકડાવી દેતાં. પાણીની કોઈ પરવા નહોતી. જંગલના નાકા પાસે એક સ્વચ્છ અને વિમળ જેવી નદી વહેતી તેના જળ પીને અમે અમારી તરસ છીપાવતા. નદીનું પાણી એટલું સ્વચ્છ હતું કે નદીમાં પડેલા પથ્થરો પણ સ્પષ્ટપણે દેખાતા હતા. આજે પથરી જેવો રોગ માનવીમાં જામી ગયો છે ત્યારે મારી બાળપણની નદી આપોઆપ યાદ આવી જાય છે.જંગલમાં કેવળ અમે ઢોર નહોતા ચારતાં,અમે બાળ રમતો પણ રમી છે.એક બાજુ ભેંસ,ગાય બળદ અને બકરીઓ ચરતી હોય અને બીજી બાજુ અમારી બાળ રમતો ખુબ જામતી હોય તે બધી રમતમાં સંતાકુકડીની રમત મોખરે હતી. એક વાર સંતાકુકુડીની રમત બરાબર જામી હ તી. એક છોકરો બુમાબુમની ફેકટરી ચાલુ કરી. બુમના પડઘા આખા જંગલમાં પડવા લાગ્યા.તેની ભયંકર ચીસ સાંભળીને અમે ડરી ગયા. શું થયું હશે. તેવો પ્રશ્ન બધાના મનમાં જાગ્યો. બધા તેને ઉત્તર પુછવા માટે તેની તરફ દોડ્યા.પણ તે છોકરો કોઈના હાથમાં આવ્યો નહીં.છોકરાની દોડવાની ગતિ ખુબ તેજ હતી. આખા જંગલમાં તે દોડાદોડી કરવા લાગ્યો. અને પણ તેનો પીછો કરવા લાગ્યા આખરે તે છોકરો મહા મહેનતે હાથમાં આવ્યો. છોકરાને પુછ્યું એલા શું થયું છે ? તેને કયારનો ભાગંભાગ કરે છે. છોકરાએ ધીમા સાદે ગભરાતા હૃદયે જવાબ દીધો. મારા ખમીસમાં ગરોળી ભરાઈ છે.અમે ગરોળી કાઢી,મામલો શાંત પડી ગયો અને તે ગરોળીને અમે પ્રેમથી વિદાય આપી. અમે સૌ રમતમાં પરોવાઈ ગયા. આજે હું મારુ રુમમાં કોઈ ગરોળીને જોઉં છું ત્યારે પેલી બ ાળપણની ગરોળી યાદ આવી જાય છે.રુમમાં આવેલી ગરોળીને હું કહેતો હોઉ છું કે હે ગરોળી તારા કારણે અમે જંગલમાં કેવું ભાગંભાગ કરવું પડ્યું હતું.

અમારુ બાળપણ કાચા ઘરમાં વીત્યું, દિવાલો માટીની અને છત પર દેશી નળિયા હતા. એક વાર વર્ષાઋતુમાં વરસાદ ધોધમાર વરસતો હોય અને રાત્રીનો સમય હતો. વરસાદ ખુબ જોરથી આવ્યો તેથી નળિયામાં સમાયું નહી. ચુતા નળિયામાં થી પાણીનો ધધુડો નીચે પડવા લાગ્યો. સીધી ધધુડો અમે બે ભાઈઓ સુતા હતા તે ખાટલા પર પડતો હતો. મા સફાળી જાગી, પિતાને જગાડે અને પિતા દિવાના અજવાલે છતના નળિયા સરખાં કરે ત્યારે જ કોઢમાં બાંધી ભેસ ભાંભરે.પિતાને ખ્યાલ આવી જાય ભેસને કંઈક તકલીફ છે. પિતા કોઢમાં જાય અને ઘાસ નાંખે અને ઘરનું બધું કામ કરીને સુઈ જાય. મને યાદ છે અમારા ગામમાં બળદો કરતાં ભેસોની સંખ્યા બમણી હતી. એક દિવસે હડકાયું કુતરુ અમારા ગામમાં આવ્યું. એક ઝાપટે લગભગ દસેક જાનવરોને કરડી ગયું. તે જાનવરોમાં ભેસોની સંખ્યા વધારે હતી. કુતરુ એવુ ભયંકર હતુ કે બધા જાનવરો ભયંકર રીતે મૃત્યુ પામ્યા.તે



જાનવરોમાં અમારી પણ ભેંસ હતી. જ્યારે જ્યારે હું વર્ગખંડમાં ગુજરાતી વ્યાકરણમાં ‘ વચન “ભણાવું ત્યારે ત્યારે ‘ઉ’ સ્વરમાં આવતા શબ્દો કુતરું, વાંદરુ, લવારું,દેડકું આવતા હોય છે આ બધા શબ્દોમાં કુતરુ મને આજે પણ ભયંકર લાગે છે.

ભેસનું મહત્વ બાળપણ કરતાં ભર યુવાનીમાં વધારે લાગ્યું. ભેસના કારણે મોટી મોટી ડેરીઓની સ્થાપના થઈ છે. રસ્તાની બાજુમાં કોઈ ચાની લારી દેખાય તો જરુર ભેસનો આભાર માનજો કે આ લારી ભેસના કારણે પણ હોય શકે છે.વરસાદમાં રસ્તા પર ભેસનો મોટો પોદળો જોઈને મો ના ફેરવી લેશો, એ પોદળાને કારણે ખેતી ખુબ મજબુત બને છે. શાકભાજી બજારમાં શાકભાજી લેવા જઈએ છીએ તે પણ એક ભેસના કારણે જ.ભેસથી ઘણાના પરિવારજનોનું ગુજરાન ચાલતું હોય છે. આજે મને બાળપણમાં કહેવાતી એક કહેવત યાદ આવે છે. અમને વડીલો પ્રશ્ન પુછતા હતા કે અક્કલ બડી કે ભેંસ, અમે કહેતા કે અક્કલ. આજે એક વાત સમજવા જેવી છે ઘણા લોકો કહેતા હોય છે કે ભેસ પાસે બુધ્ધિ ના હોય, પણ ભેસ પાસે બુધ્ધિ હોય છે. ભેસ જંગલમાં ચરીને આવ્યા પછી નાના બચ્ચાને કેવી વહાલ કરી હોય છે ?નાના બચ્ચા માટે ભેસ પણ એક મા જ છે.

મથુર વસાવા -
ઉના (સોમનાથ-ગીર)

# અયોધ્યા કેસની અંતિમ સુનાવણી શરુ : કેસની સુનાવણી ધાર્મિક નહીં પરંતુ પુરાવાના આધારે થશે જે નવરચિત બેન્ચ કરશે

સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વ હેઠળની ૩ જજોની બેન્ચ અયોધ્યામાં રામમંદિર-બાબરી મસ્જીદ જમીન વિવાદ કેસની સુનાવણી કરશે. તત્કાલીન ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની ૩ જજની બેન્ચે એક મહત્વના ચુકાદામાં જણાવ્યુ હતું કે આ કેસ બંધારણીય બેન્ચને સોપાશે નહીં. તેનો અર્થ એ થયો કે અયોધ્યાની વિવાદાસ્પદ જમીન પર કોનો હક છે તે અંગેની સુનાવણી કોર્ટમાં શરુ થશે.આ અગાઉ ઈસ્લામમાં નમાઝ અદા કરવા માટે મસ્જીદ હોવી જરુરી છે કે કે નહીં તેનો મામલો બંધારણીય બેન્ચને સોપવામાં આવે કે નહી તેના પર અદાલતે વિચારણા કરી હતી.મુસ્લીમ પક્ષકારોએ દલીલ કરી હતી કે ૧૯૯૪માં ઈસ્માઈલ ફારુકી કેસમાં સુપ્રીમે પોતાના ચુકાદામાં જણાવ્યુ હતું કે મસ્જીદમાં નમાઝ અદા કરવી એ ઈસ્લામમાં બાધ્ય નથી. તેથી સુપ્રીમના આ ચુકાદાની બંધારણીય બેન્ચ દ્વારા પુનઃ સમીક્ષા કરવામાં આવે. ૨૭ સપ્ટે.સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં જણાવ્યુ હતું કે આ મામલાને બંધારણીય બેન્ચને સોપાશે નહીં.હવે મુખ્ય વિવાદ જમીનનો છે જેની સુનાવણી થશે.૩ જજની ની બેન્ચે બહુમતી ચુકાદામાં જણાવ્યુ હતુ કે આ કેસનું ધાર્મિક આધારે નહીં પરંતુ પુરાવાના આધારે પરીક્ષણ કરાશે.રામલલા બીરાજમાન તરફથી કેસ લડી રહેલા વકીલે કહ્યુ હતું કે હવે સુનાવણીમાં રુપરેખા શુ રહેશે.

જો કે કોર્ટે પુરાવાના આધારે સુનાવણી કરવાનું કહેતાં બેઉ પક્ષોને પોતાનો કેસ નબળો દેખાઈ રહ્યો છે.હિદુત્વ કટ્ટરવાદીઓને પોતાની હાર દેખાતાં તેમણે ૧૯૯૨ની આફક ફરીથી આંદોલન કરવાની ચીમકી આપી છે.જમીન અંગેનો જ કેસ ચાલશે મંદિર-મસ્જીદનો વિવાદ બાજુ પર રહેશે તેવું દેખાતાં કટ્ટરવાદી પરિબળો સરકાર પર વટહુકમ લાવવા દબાણ કરી રહ્યા છે.કોર્ટે કોઈના દબાણ હેઠળ ચુકાદો આપશે નહી તેવું સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે.ચુંટણી પહેલા ચુકાદો આવવાની શક્યતાઓ નહીંવત છે તેથી ભાજપ અને હિદુત્વવાદીઓને ફરીથી સત્તા મેળવવા માટે મંદિર એકજ મુદ્દો રહ્યો છે જેના વડે મત મેળવી શકાય. છેલ્લા ચાર વર્ષમાં ફરીથી સત્તા મેળવી શકાય તેવું જમા પાસું ઓછું દેખાઈ રહયુ છે.

લુઈ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઈ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઈઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ **નીલા ફાઇનાન્સ** ★
**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# રિઝર્વ બેન્કે આડેધડ લોનો આપતાં બેન્કોની હાલત બગડી છે : અરુણ જેટલી

કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચેના સબંધો વધુ વણસે તેના એક ઘટનાક્રમમાં નાણાંમંત્રી અરુણ જેટલીએ સરકારી બેન્કોની ખરાબ હાલત માટે આરબીઆઈને જવાબદાર ઠેરવી હતી. જેટલીએ વર્ષ ૨૦૦૮-અને ૨૦૧૪ દરમિયાન આડેધડ ધિરાણ પર અંકુશ મુકવામાં મળેલી નિષ્ફળતા બદલ આરબીઆઈની ટીકા કરી હતી.જેટલીએ આરોપ મુક્યો હતોકે આરબીઆઈની આવી નીતિને કારણે જ બેન્કીંગ ઉદ્યોગમાં હાલની ડુબત લોન અથવા એનપીએની કટોકટી સર્જાઈ છે.



નાણાંકીય નીતિના ઘડવૈયાઓની સ્વાયત્તતાના મામલે નાણાં મંત્રાલય અને આરબીઆઈ વચ્ચે વધી રહેલા ઘર્ષણના અહેવાલો વચ્ચે જેટલીનું આ નિવેદન ચોકાવનારુ છે. આરબી આઈના ડેપ્યુટી ગર્વનર વિરલ વી આચાર્યે જણાવ્યુ હતું કેઆરબીઆઈ બેન્કની આઝાદીને અવરોધવી સંભવિત રીતે ઘાતક થઈ શકે તેમ છે.સરકારના દબાણને કારણે આરબીઆઈ તરફથી તેનો પ્રતિરોધ જોવામાં આવી રહ્યો છે.

# અમેરિકાના યહુદી હત્યાકાંડમાં ૧૧ નો મોત નિપજ્યા : ચારેકોર શોક છવાયો

અમેરિકાના પીટ્સબર્ગમાં યહુદીઓના એક ધર્મસ્થળમાં અંધાધુંધ ગોળીબારમાં મૃત્યાંક વધીને ૧૧ થયો છે.જ્યારે છ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે.પોલીસે કરેલી જવાબી કાર્યવાહીમાં ઈજાગ્રસ્ત હુમલાખોર રોબર્ટ બોવર્સ ઈજાગ્રસ્ત થયો હતો.તે દાઢીધારી એક શ્વેત વ્યક્તિ છે તેવા અહેવાલો મળ્યા છે.એફબીઆઈ ઘૃણિત ગુનો માનીને તેની તપાસ કરી રહી છે.આ હુમલાખોર ગોળીબાર કરતાં અગાઉ શિનાગોગમાં ઘુસ્યો હતો.અને એવું કહ્યુ હોવાનો અહેવાલ છે કે તમામ યહુદીઓને મરી જવું જોઈએ.બીજી બાજુ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યુ છે કે પીટર્સબર્ગની ઘટના અંગે જેટલું વિચાર્યું હતું તેનાથી પણ ભયાવહ છે. મે મેયર અને ગર્વનર સાથે વાતચીત કરી છે.જો આવો ગુનો આચરનારને મોતની સજા આપવી જોઈએ.અમેરિકાના તપાસ અધિકારીઓએ હુમલાખોર બંધુકધારી પર હિંસા અને શસ્ત્રો રાખવાના ગુના મામલે૨૯ કાઉન્ટના આરોપ મુક્યા છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# સરકાર રિઝર્વ બેન્કની સ્વતંત્રતાનું સન્માન નહીં કરે તો બજારોના રોષનો સામનો કરવો પડશે :સરકારી હસ્તક્ષેપ સામે ડેપ્યુટી ગર્વનરે નારાજગી વ્યક્ત કરી

રિઝર્વ બેન્કને વધુ સ્વતંત્રતા આપવાની તરફેણ કરતાં રિઝર્વ બેન્કના ડેપ્યુટી ગર્વનર વિરલ આચાર્યે જણાવ્યુ હતું કે ઈઝર્વ બેન્ક પાસે પબ્લિક સેકટરની બેન્કો પર નજર રાખવા વધુ સત્તા હોવી જોઈએ.આરબીઆઈને તેની બેલેન્સસીટ વધુ મજબુત બનાવવા અને પુરતાં નિયંત્રણો રાખવાનો અધિકાર હોવો જોઈએ. આર્થિક સ્થિરતા માટે આરબીઆઈની સ્વતંત્રતા મહત્વની છે. મુબઈ ખાતે આકરા સંબોધનમાં આચાર્યે જણાવ્યુ હતું કે સરકાર રિઝર્વ બેન્કની સ્વતંત્રતાનું સન્માન નહીં કરે તો ફાઈનાન્શિયલ બજારોના રોષનો સામનો કરવો પડશે.તેને કારણે આર્થિક દાવાનળ પ્રજવલ્લિત થશે.

આચાર્યે જણાવ્યુ હતું કે ૨૦૧૦માં આર્જેન્ટીનાની સરકારે રિઝર્વ બેન્કની બાબતોમાં હસ્તક્ષેપ કરતાં ત્યાંના બજારોમાં બળવો થઈ ગયો હતો.આર્જેન્ટીનાની સરકારે રિઝર્વ બેન્કની અનામતો પર હાથ નાંખતા આર્થિક કટોકટી સર્જાઈ હતી. સરકારની ટુંકી દષ્ટિથી નિર્ણયો લેવાતા હોય ત્યારેવિનાસકારી પરિણામો આવી શકે છે.

તેમણે કહ્યુ હતું કે સરકારો રિઝર્વ બેન્કોની સ્વતંત્રતાની કદર કરતી નથી.તેમને નાણાંબજારની નારાજગીનો શિકાર થવું પડે છે.મહત્વની નિયંત્રક સંસ્થાઓની અવગણના કરવાથી વિનાશ આવે છે. રિઝર્વ બેન્કને સ્વતંત્રતાના ઘણા ફાયદા છે.લોન સસ્તી બને છે.આંતરરાષ્ટ્રીય મુડીરોકણ વધે છે અને બેન્કોનું આયુષ્ય વધે છે.

# દેશને અરાજકતાથી બચાવવો એ તાકીદની જરુરીયાત છે : ટીડીપી નેતા ચંદ્રાબાબુ નાયડુ

૨૦૧૯માં લોકસભાની ચુંટણી યોજાવાની છે. તે પહેલાં કેન્દ્રમાંથી ભાજપની સરકારને હરાવવા અને મોદીને હટાવવા માટે વિરોધપક્ષોની એકતાને ટીડીપીના નેતા અને આંધ્ર પ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુએ રાજકીય મજબુરી ગણાવી હતી.તેમણે કહ્યુ હતું કે દેશને અરાજકતાથી બચાવવો એ તાકીદની જરુરીયાત છે.

દેશને બચાવવા માટે તેમણે વિરોધપક્ષોને સંગઠિત બનવા અપીલ કરી હતી.વિપક્ષી એકતામાં કોગ્રેસની ભુમિકાને તેમણે મહત્વની ગણાવી હતી.કોઈ એક રાષ્ટ્રીય પક્ષ વિના વિપક્ષી એકતા સંભવ નથી.વિપક્ષોને એક કરવા પોતે મહત્વની ભુમિકા નિભાવવા તૈયાર હોવાનું જણાવ્યુ હતું.માલ્યા અને અન્યોનો ઉલ્લેખ કર્યા વિના મોદી સરકારમાં આચરવામાં આવેલા કૌભાંડોની યાદી પ્રસિધ્ધ કરી હતી. કરોડોના કૌભાંડો સાથે ભાજપનો અસલી ચહેરો લોકોની સામે આવી ગયો છે.

ચંદ્રાબાબુ નાયડુ,બસપાના માયાવતી,આમઆદમીના કેજરીવાલ,શરદ યાદવ,તેમજ ફારુક અબ્દુલ્લાને મળ્યા હતા.અને વિપક્ષી એકતાની તરફેણ કરી હતી,હાલની એનડીએ સરકારને સત્તા પરથી હટાવવાની જરુરીયાત પર ભાર મુક્યો હતો.દેશને અરાજકતામાંથી બચાવવા તમામ વિપક્ષોને એક થવા તેમણે હાકલ કરી હતી.ટીડીપી નેતાએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર નાના અને નવા રાજ્યોને સ્પેશીયલ દરજ્જો આપવામાં નિષ્ફળ ગઈ છે.આંધ્ર પ્રદેશ જ્યારે છુટે પડ્યું ત્યારે તેને સ્પેશીયલ દરજ્જો આપવાનું વચન હજુ સુધી પાળવામાં આવ્યું નથુ.અમે ભાજપ સાથે જોડાયા તે વખતે લોકોને આપવામાં આવેલા વચનો પાળવામાં આવ્યા નથી.

# પ્રદુષણ અંગેના કાયદાનું પાલન નહીં કરનારની સામે કેસ નોધાશે

દિલ્હીમાં આ વર્ષે ઠંડીની શરુઆત થતાં પહેલાં જ પ્રદુષણનો પ્રારંભ થઈ ચુક્યો છે.જેથી કેન્દ્ર એ પહેલેથી જ સાવધાની રાખવાની શરુઆત કરી છે. કેન્દ્ર એ પ્રદુષણ ફેલાવવાવાળા સામે ફોજદારી કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. એવા લોકો કે જેઓ ચેતવણી આપ્યા પછી પણ પ્રદુષણના નિયમોનું પાલન નહીં કરે તેમના નામ સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરીને જાહેર કરવામાં આવશે.દિલ્હીના એનસીઆરમાં પ્રદુષણ માટે જે દિશા-નિર્દેશ જારી કરવામાં આવ્યા છે એનુ અગર જો કોઈ પણ વ્યક્તિ-સરકારી કર્મચારી હોય કે સામાન્ય માનવી ઉલ્લંઘન કરશે તો તેનું નામ જાહેર કરી દેવામાં આવશે.પછી ભલે એ કેટલીય મોટી એજન્સી અથવા પ્રભાવશાળી વ્યક્તિ કેમ ના હોય.

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે તેમની સામે ફોજદારી કેસ ચલાવશે. પર્યાવરણપ્રધાન હર્ષવર્ધને વધુમાં કહ્યુ હતું કે અમને આ જ સાચી પધ્ધતિ લાગે છે. દિલ્હી અને એની આસપાસના વિસ્તારોમાં કેટલીય એજન્સીઓ જે બાંધકામ પ્રવૃત્તિઓમાં પ્રવૃત છે ,એસરકારી એજન્સીઓ છે એ મોટા પ્રોજેક્ટમાં સામેલ છે જેને કારણે પર્યાવરણમાં ધુળ અને પ્રદુષણની માત્રા વધી રહી છે.ધુળ અને ધુમાડાએ પ્રદુષણની માત્ર વધારી છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭





**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ઘર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.